પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૬ | ૫ ઓગસ્ટ, ૨૦૨૧, ગુરૂવાર; અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જય હો... : બોક્સર લવલીનાને બ્રોન્ઝ

**ટોક્યોમાં ભારત માટે મેડલ જીતતી મહિલા ખેલાડી : લવલીના વર્લ્ડ નંબર-૧ તુર્કીની બોક્સર બુસેનાઝ સામે ૦-૫થી હારતા ફાઈનલમાં પહોંચવાની આગેકૂચનો અંત**



ટોક્યો, તા.૪

ભારતીય બોક્સર મેરી કોમ બહાર થયા પછી લવલીના ઉદીયમાનના શાનદાર પ્રદર્શનથી થયેલી આગેકૂચ બાદ સેમિફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો છે અને બ્રોન્ઝથી સંતોષ માનવો પડશે. આજે લવલીના વર્લ્ડ નંબર-૧ તુર્કીની બોક્સર બુસેનાઝ સુરમેનેલી સામે હારી જતા ફાઈનલ પહોંચવાની આગેકૂચનો અંત આવ્યો છે. સેમિફાઈનલમાં લવલીનાનાની વર્લ્ડ ચેમ્પિયન બુસેનાઝ સામે હાર થતા બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડશે.

૬૯ કિલોગ્રામની લવલીનાની તુર્કીની ૬૪ કિલોની ખેલાડી બુસેનાઝ સામે ૦-૫થી હાર થતા તે ફાઈલનમાં નહીં જઈ શકે. લવલીના જે રીતે અગાઉની મેચ રમી હતી તેના આધારે તે ફાઈલનમાં પહોંચશે તેવી સંભાવનાઓ દેખાઈ રહી હતી, પરંતુ વર્લ્ડ નંબર-૧ ખેલાડી સામ લવલીનાએ હાર બાદ બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો છે.

શરુઆતમાં ધીમી શરુઆત બાદ લવલીનાએ આક્રામક શરુઆત કરી હતી, જોકે, તુર્કીની બોક્સર બુસેનાઝની મનોબળ

● અનુસંધાન પાન-૭ પર

## ઓલિમ્પિકમાં રેસલર રવિકુમારને ફ્રીસ્ટાઈલમાં ગોલ્ડ/સિલ્વર નિશ્ચિત

**કુમારે કઝાકિસ્તાનના નુરિસ્લામ સાનાયેવ સામે શાનદાર પ્રદર્શન કરતાં વિજય નોંધાવ્યો, ભારતનો સિલ્વર નિશ્ચિત**



ટોક્યો, તા.૪

ભારતીય રેસલર રવિ કુમાર દહિયાએ દેશ માટે વધુ એક મેડલ સુનિશ્ચિત કરી દીધો છે. રવિ કુમાર પુરૂષોની ૫૭ કિલો વર્ગની ફ્રીસ્ટાઈલ કેટેગરીની ફાઈનલમાં પહોંચી ગયો છે.

આ સાથે જ તેણે સિલ્વર મેડલ તો સુનિશ્ચિત કરી દીધો છે. ફાઈનલમાં રવિ કુમારનો સામનો રશિયાના ઝાઉર ઉગુએવ સામે થશે. આ મુકાબલો ગુરૂવારે સાંજે ૪.૨૦ કલાકે રમાશે.

કુમારે કઝાકિસ્તાનના નુરિસ્લામ સાનાયેવ સામે શાનદાર પ્રદર્શન કરતા વિજય નોંધાવ્યો હતો. આ સાથે જ તે રેસલિંગમાં ઓલિમ્પિક મેડલ જીતનારો ભારતનો પાંચમો રેસલર બનશે. અગાઉ કેડી જાધવ, સુશીલ કુમાર, યોગેશ્વર દત્ત અને સાક્ષી મલિકે કુસ્તીમાં ઓલિમ્પિક મેડલ જીત્યા છે. જેમાંથી સુશીલ એકમાત્ર ભારતીય રેસલર છે જેણે બે ઓલિમ્પિક મેડલ જીત્યા છે.

જોકે, દીપક પૂનિયા ફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ રહ્યો છે. પુરૂષોની ફ્રીસ્ટાઈલ ૮૬ કિલો કેટેગરીમાં દીપકને સેમિફાઈનલમાં પરાજયનો સામનો કરવો પડ્યો છે. સેમિફાઈનલમાં દીપકનો સામનો અમેરિકાના ડેવિડ ટેલર સામે હતો.

# ભારતીય મહિલા હોકી ટીમ સેમીફાઈનલમાં હારી

## બ્રોન્ઝ મેડલ માટે બ્રિટન સામે મેચ રમશે

ટોક્યો,તા.૪

ટોક્યો ઓલિમ્પિકમાં ભારતીય મહિલા હોકી ટીમને ૨-૧ થી હાર મળી હતી. બીજી સેમીફાઈનલ મેચ ભારત અને આર્જેન્ટીના વચ્ચે રમાઈ હતી. ભારતીય ટીમે પ્રથમ ક્વાર્ટરમાં ૧-૦ થી લીડ મેળવી હતી જેને, બીજા ક્વાર્ટરમાં આર્જેન્ટીનાએ બરાબરી પર કરી દીધી હતી. જોકે ત્રીજા ક્વાર્ટરમાં આર્જેન્ટીના ૨-૧ થી આગળ થઈ ચુક્યુ હતુ. બંને વચ્ચે સારી ટકકર જોવા મળી હતી.

ભારતીય ટીમ પણ વળતો પ્રયાસ બરાબરી કરવા પર દમ લગાવી અંતિમ પળ સુધી કર્યો હતો.જોકે ભારતીય ટીમને હજુ પણ બ્રોન્ઝ મેડલ માટે તક મળી શકે છે. ભારત હવે ગ્રેટ બ્રિટન સામે બ્રોન્ઝ મેડલ માટે રમશે. જેમાં ભારતીય મહિલા હોકી ટીમ ફાઈનલ થી ચુકવા છતાં મેડલ પોતાની ઝોળીમાં મેળવી શકે છે. જોકે ભારતીય મહિલા ટીમ ફાઈનલમાં પહોંચવા થી નિરાશ રહી હતી.

મહિલા હોકી ટીમ ટોક્યો ઓલિમ્પિકમાં સેમીફાઈનલમાં પ્રવેશમાં સફળ રહી હતી. ભારતની મહિલા હોકી ટીમ આર્જેન્ટીના સામે મેદાને ઉતરતા પ્રથમ ક્વાર્ટરમાં ગોલ સાથે ભારતે શાનદાર શરુઆત કરી હતી. જોકે બીજા ક્વાર્ટરમાં આર્જેન્ટીનાએ ભારત સાથે બરાબરી કરતો ગોલ કરી દીધો હતો.

સેમીફાઈનલ મેચમાં ભારતીય હોકી ટીમે પ્રથમ ક્વાર્ટર સમાપ્ત થવા સાથે આર્જેન્ટીના સામે ૧-૦ ની લીડ મેળવી હતી. ભારતીય ટીમે મેચ શરુ થવાની બીજી મીનીટમાં જ ગુરજીત કૌરે પેનલ્ટી કોર્નર ને ગોલમાં બદલવામાં સફળ રહી હતી. આ સાથે જ ભારતીય ટીમને લીડ મળી હતી. ત્યાર બાદ ભારતીય મહિલાઓએ સતત આ લીડને જાળવી રાખવા પ્રયાસ કર્યો હતો. ભારતીય મહિલાઓએ પ્રથમ ક્વાર્ટર શાંત રમત અને કોઈ જ ઉતાવળ વિના રમત દર્શાવી હતી. જેના થી આર્જેન્ટીનાના વળતા ગોલ કરવાના પ્રયાસ ને નિષ્ફળ બનાવ્યો હતો.

બીજા ક્વાર્ટર દરમ્યાન શરુઆતમાં હરીફને મળેલ પેનલ્ટી કોર્નરને ભારતે બતાવી લીધો હતો. પરંતુ પેનલ્ટી કોર્નર પર આર્જેન્ટીના ૧-૧ ની બરાબરી કરવામાં સફળ રહ્યુ હતુ. આર્જેન્ટીનાની મારીયા નોએલ બારીયાન્યૂઓ એ ગોલ કર્યો હતો. આમ પ્રથમ હાલ્ફ બરાબરી પર રહ્યો હતો. બીજા હાલ્ફની શરુઆતમાં જ આર્જેન્ટીનાએ ૩૬મી મીનીટમાં ભારતીય ટીમ સામે ૨-૧ થી લીડ મેળવી લીધી હતી. આર્જેન્ટીના માટે બીજો ગોલ મારિયા નોએલે કર્યો હતો. આ તેણે બીજો ગોલ કર્યો હતો.

## પાક. માટે ચીને અત્યાધુનિક જહાજનું નિર્માણ કરતાં ચિંતા

**નવું જહાજ પાક નેવીમાં સૌથી અત્યાધુનિક : આ જહાજ સામેલ થયા બાદ પાક નેવીની ક્ષમતામાં વધારો થશે, જહાજમાં એન્ટી એર વેપન સિસ્ટમ લગાવાઈ છે**

નવી દિલ્હી, તા.૪

પાકિસ્તાનના ખાસ મિત્ર ગણાતા ચીને હિન્દ મહાસાગરમાં પાકિસ્તાનને વધારે મજબૂત બનાવવા પાક નેવી માટે એક અત્યાધુનિક યુધ્ધ જહાજનું નિર્માણ કર્યું છે.

આજે શાંઘાઈના શિપયાર્ડમાં શિપને લોન્ચ કરવામાં આવ્યુ હતુ.પાકિસ્તાની મીડિયાનો દાવો છે કે, આ નવુ જહાજ પાક નેવીમાં સામેલ સૌથી અત્યાધુનિક જહાજો પૈકીનુ એક છે.

જેમાં અત્યાધુનિક સરફેસ, સબ સરફેસ અને એન્ટી એર વેપન સિસ્ટમ લગાવવામાં આવી છે.ઉપરાંત ઈલેક્ટ્રોનિક વોરફેર માટે તેમજ જમીન તથા આકાશમાં નજર રાખવા માટેના ઉપકરણો અને સેન્સર લગાવવામાં આવશે. આ જહાજ સામેલ થયા બાદ પાક નેવીની ક્ષમતામાં વધારો થશે. ચીન પાકિસ્તાનમાં ઈકોનોમિક કોરિડોર પણ બનાવી રહ્યુ છે.જે ચીનના મહત્વકાંક્ષી વન બેલ્ટ એન્ડ રોડ યોજનાનો મહત્વનો હિસ્સો છે. ઉપરાંત ચીન અને પાકિસ્તાન વચ્ચે ઘાતક હથિયારો માટેની ડીલ પણ થઈ રહી છે. જે ભારત માટે ખતરાની ઘંટડી છે.

ચીન સાથે પાકિસ્તાને હથિયારો માટે સાત અબજ ડોલરની ડીલ તાજેતરમાં કરી હતી. ચીન પાકિસ્તાનને આઠ સબમરિન પણ આપવાનુ છે.

# શેરબજારમાં તેજી : સેન્સેક્સ ૫૪૦૦૦ને પાર

**સેન્સેક્સમાં ૫૪૬ અને નિફ્ટીમાં ૧૨૮ પોઈન્ટનો મોટો ઊછાળો : બેન્કિંગ અને ફાઈનેન્શિયલ સ્ટોકમાં તેજીથી સ્થાનિક બજારોમાં ઊછાળો**

મુંબઈ, તા.૪

સ્થાનિક શેર બજાર બુધવારે ભારે ઊછાળા સાથે બંધ થયા હતા. બીએસઈનો ૩૦ શેરો પર આધારિત સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ ૫૪૬.૪૧ પોઈન્ટ એટલે કે ૧.૦૨ ટકાના ઊછાળા સાથે ૫૪,૩૬૯.૭૭ પોઈન્ટના સ્તરે બંધ થયો. એ જ રીતે એનએસઈ નિફ્ટી ૧૨૮.૦૫ પોઈન્ટની તેજી સાથે ૧૬,૨૫૮.૮૦ પોઈન્ટના સ્તરે બંધ થયો. નિફ્ટી પર એચડીએફસીના શેરે સર્વાધિક ૪.૫૯ ટકાનો ઊછાળો નોંધાવ્યો હતો. આ ઉપરાંત કોટક મહિન્દ્રા બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, એસબીઆઈ અને એચડીએફસી બેન્કના શેરોમાં ખૂબજ વધુ તેજી જોવા મળી. નિફ્ટી પર ગ્રાસિમ, ટાઈટન, ટાટા મોટર્સ, અદાણી પોર્ટસ અને હિંદાલ્કોના શેરમાં સૌથી વધૂ તૂટ જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ પર એચડીએફસીના શેરોમાં સર્વાધિક ૪.૭૭ ટકા, કોટક મહિદ્રા બેન્કના શેરમાં ૩.૭૪ ટકા, આઈસીઆઈસીઆ બેન્કના શેરમાં ૩.૫૮ ટકાનો ઊછાલો નોંધાયો હતો. આ ઉપરાંત એચડીએફસી બેંક, એક્સિસ બેન્ક, ડો. રેડ્ડીસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ટાટા સ્ટીલ, બજાજ ફાયનાન્સ, પાવર ગ્રિડ, બજાજ ઓટો, એચસીએલ ટેક,



એનટીપીસીના શેર લીલા નિશાન સાથે બંધ થયા.

સેન્સેક્સ પર ટાઈટન, નેસ્લે ઈન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ, સન ફાર્મા, મારુતિ, ભારતી એરટેલ, ટેક મહિન્દ્રા, એલએન્ડટી, એમએન્ડએમ, આઈટીસી, બજાજ ફિનસર્વ, હિંદુસ્તાન લિવર લિમિટેડ, એશિયન પેઈન્ટ્સ, ટીસીએસ, ઈન્ફોસિસ અને ઈન્ડસઈન્ડ બેન્કના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા.

રેલિગેર બ્રોકિંગ લિમિટેડના વીપી ( રિસર્ચ) અજિત મિશ્રાએ જણાવ્યું કે શેર બજારમાં સતત બીજા સત્રમાં ઊછાળો જોવા મળ્યો અને આ તેજી લગભગ એક ટકા સુધીની રહી. સ્થાનિક શેર બજાર વૈશ્વિક સ્તરે સકારાત્મક સંકેતોની વચ્ચે બેકિંગ તેમજ ફાઈનેન્શિયલ શેરોમાં વલેવાલીથી તેજીની સાથે બંધ થયા. બીજી બાજુ મોટા ભાગના સેક્ટોરલ ઈન્ડેક્સ ઉચ્ચ સ્તર પર નફાવસૂલાતને લીધે લાલ નિશાન પર બંધ થયા.

## દેશમાં કોરોનાના કેસ વધ્યા નવા ૪૨,૬૨૫ કેસ નોંધાયા

**૫૬૨ દર્દીઓનાં મોત : કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૧૭૬૯૧૩૨ થઈ ગઈ, દેશમાં કુલ ૪૮,૫૨,૮૬,૫૭૦ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે**

નવી દિલ્હી,તા.૪

દેશમાં કોરોનાના આંકડા ચિંતા વધારી રહ્યા છે. સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત ૪૦ હજાર ઉપર નોંધાઈ રહી છે અને મૃત્યુઆંક પણ ૫૦૦ની આસપાસ નોંધાઈ રહ્યો છે. બુધવાર સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૨,૬૨૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૬૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૧૭,૬૯,૧૩૨ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૪૮,૫૨,૮૬,૫૭૦ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. વિશેષમાં, કોરોના વાયરસ મહામારી સામે લડીને ૩ કરોડ ૯ લાખ ૩૩ હજાર ૨૨ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૬,૬૬૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ભારતમાં હાલ રિકવરી રેટ ૯૭.૪ ટકા છે. હાલમાં ૪,૧૦,૩૫૩ એક્ટિવ કેસ છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૪,૨૫,૭૫૭ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. નોંધનીય છે કે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૩ ઓગસ્ટ, ૨૦૨૧ સુધીમાં ભારતમાં કુલ ૪૭,૩૧,૪૨,૩૦૭ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. મંગળવારના ૨૪ કલાકમાં ૧૮,૪૭,૫૧૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં કોરોના વાયરસની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૭ કેસ નોંધાયા છે. જેની સામે ૨૫ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એકપણ દર્દીનું મોત થયું નથી. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૧૦૦૭૬ થયો છે. સાજા થવાનો દર ૯૮.૭૫ ટકા છે. અત્યાર સુધીમાં ૩,૪૪,૧૯,૫૮૮ ડોઝ કોરોના વેક્સીનના આપવામાં આવ્યા છે.

# મધ્યપ્રદેશમાં પ્રચંડ પૂર

**ગ્વાલિયર-ચંબલમાં પૂરથી સ્થિતિ બની બેકાબૂ, ૫૮૦૦ લોકોનું રેસ્ક્યૂ કરાયું**





ન્યુ દિલ્હી,તા.૪

મધ્યપ્રદેશના ગ્વાલિયર-ચંબલમાં પૂરથી સ્થિતિ બેકાબૂ બની છે. અત્યારસુધી ૭ લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે, ૨૫ લોકો ગુમ છે, જેમની શોધખોળ રેસ્ક્યૂ ટીમ કરી રહી છે. નદી કિનારામાં ફસાયેલાં ગામોથી ૧૯૦૦ લોકોને બચાવવામાં આવ્યા છે. દતિયામાં મોટી વસતિવાળા વિસ્તારોને પૂરના ભયના કારણે ખાલી કરવામાં આવ્યા છે. શિવપુરીનાં ૧૦૦થી વધુ ગામો ખાલી કરાવવામાં આવ્યાં છે. મંત્રી મહેન્દ્ર સિંહ સિસોદિયાનું કહેવું છે કે આશરે ૨ હજાર લોકો શિવપુરીમાં ફસાયેલા છે. શિવપુરી પૂરનું કેન્દ્ર બનેલું છે.

ગ્વાલિયર-ચંબલમાં ૨૦૦૦થી વધુ લોકો સરકાર પાસે મદદની આશા લગાવી બેઠા છે. મંગળવારે રાત્રિથી જ સેનાનાં ૪ અલગ-અલગ દળોએ મોરચો સંભાળી લીધો છે. સીએમએ પણ કહ્યું હતું કે સંકટ ઘણું મોટું છે અને અમે સેનાની મદદ લઈ રહ્યા છે. જણાવી દઈએ કે સીએમ ચંબલ ક્ષેત્રમાં આકાશી સર્વે પણ કરવાના છે. ગ્વાલિયર એરપોર્ટથી હેલિકોપ્ટરથી તેઓ શ્યોપુર-શિવપુરીમાં સર્વે કરશે. નરેન્દ્ર મોદીએ ૨ વાર મુખ્યમંત્રી સાથે ચર્ચા કરી છે.

એક સપ્તાહમાં સતત વરસાદ અને ડેમ ઓવરફ્લોથી નદીઓમાં છોડાયેલા પાણીથી ગ્વાલિયર- ચંબલમાં સ્થિતિ બેકાબૂ બની છે. સૌથી વધુ શિવપુરી, શ્યોપુર, દતિયા અને ગ્વાલિયર જિલ્લા પ્રભાવિત થયા છે. શિવપુરીના કરેરા, પોહરી વિધાનસભાના ૧૦૦થી વધુ ગામ પૂરની ઝપેટમાં છે. ગ્વાલિયરના શિવપુરી નજીક ભિતરવાર અને મોહનામાં પણ સ્થિતિ ખરાબ છે. સિંધ, પાર્વતી, કૂનો, નોન નદીઓના કિનારે વસેલાં ગામો પાણીમાં ડૂબી ગયાં છે.

રાહતની આશા વચ્ચે હજી પણ ૧૬૦૦થી વધુ લોકો ફસાયેલા છે. પાણીના કારણે ગામો ખાલી કરાવવામાં આવ્યાં છે. અહીં ચાર લોકોનાં મોતની પુષ્ટિ થઈ છે. લગભગ ૨૫ લોકો ગુમ છે, જેમની શોધ હજુ બાકી છે. ઘણાં ગામો ડૂબી ગયાં છે. મેરેજ ગાર્ડન, સરકારી

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યસભામાં હંગામો મચાવનારા ટીએમસીના છ સાંસદો સસ્પેન્ડ

ન્યુ દિલ્હી,તા.૪

રાજ્યસભામાં હંગામો મચાવનારા ટીએમસી છ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અધ્યક્ષનાં આ નિર્ણય બાદ સસ્પેન્ડ થયેલા સાંસદો બુધવારે ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે નહીં. ડોલા સેન, નદીમ-ઉલ-હક, અબીર રંજન, અર્પિતા ઘોષ, શાંતા છેત્રી, મૌસમ નૂરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે, આ સાંસદો પેગાસસનાં મુદ્દે કૂવામાં ઘૂસી ગયા હતા. 'પેગાસસ પ્રોજેક્ટ'ના મીડિયા રિપોર્ટ પર વિપક્ષી સાંસદો દ્વારા સૂત્રોચ્ચાર વચ્ચે રાજ્યસભા બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. ગૃહની કાર્યવાહી શરૂ થતાં વિપક્ષી સાંસદોએ હંગામો મચાવ્યો અને ૧૮ વિપક્ષી દળોએ પેગાસસ પર ચર્ચાની માંગ કરી હતી.

રાજ્યસભા દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ટીએમસી સાંસદો ડોલા સેન, નદીમુલ હક, અર્પિતા ઘોષ, મૌસમ નૂર, શાંતા છેત્રી અને અબીર રંજન બિસ્વાસને તખ્તિઓ રાખવા અને અવ્યવસ્થિત વર્તન રાખવા બદલ આજની ગૃહની કાર્યવાહીમાંથી હટાવી દેવાનું કહેવામાં આવ્યું છે. એક અધિકારીએ કહ્યું કે, ૬ સ્ઝ સાંસદો સામે નોટિસ આપવામાં આવી છે. નોટિસમાં જણાવાયું છે કે છ રાજ્યસભામાં ટીએમસી સાંસદોનું વર્તન ગૃહમાં સંપૂર્ણપણે અવ્યવસ્થિત હતું અને તેથી તેમને સ્પીકર દ્વારા નિયમ ૨૫૫ હેઠળની કાર્યવાહી છોડી દેવા અને તાત્કાલિક બહાર નીકળવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

**જોઈએ છે**

**ગાંધીનગરના પ્રખ્યાત બિલ્ડર ગૃપને રેસીડેન્શીયલ તથા કોમર્શીયલ પ્રોજેક્ટ માટે માર્કેટિંગ કરી શકે તેવા ૫ વર્ષથી વધુ અનુભવી વ્યક્તિની જરૂર છે.**

લાયકાત ધરાવનારે clmehta13@gmail.com અથવા ૯૪૨૬૦૦૯૬૪૯ નંબર પર સંપર્ક કરવો.